# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩ જાહેરનામામાં સુધારો"

"(Special Educator) Special Teacher Eligibility Test-II (Sp.TET-II)-2023 Addition in Notification"

જાહેરનામા ક્રમાંક:રાપબો /**Sp.**TET-II /૨૦૨૩/2366-[illegible]2452 તા:28/૦૨/૨૦૨૩

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળા (ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૦૨/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬ થી "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સદરહું જાહેરનામામાં નીચે મુજબની વિગતો ઉમેરવામાં આવે છે.

જાહેરનામામાં જે જગ્યાએ તાલીમી લાયકાત દર્શાવેલ છે તે **તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાહેરાતના અનુસંધાને Sp.TET-II માટે ફોર્મ ભરી શકશે.** આવા વિદ્યાર્થીઓની આ પરીક્ષાની અરજી તેઓના છેલ્લા વર્ષના પરીક્ષાના પરીણામને આધિન રહેશે. ભવિષ્યમાં યોજાનાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં આ પ્રકારની તકથી Sp.TET-II પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ શિક્ષક તાલીમી લાયકાત(B.Ed. in special education from a RCI approved institute and possess valid RCI CRR number **Or**, B.Ed. with recognized qualification (certificate into diploma) from RCI approved Institution equivalent to B.Ed. in special education and possess valid RCI CRR number in respective category of disability) પાસ થયાની માર્કશીટ રજૂ કરવાની રહેશે. સદરહું પરીણામ અને ભરતી બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી અને માન્ય ગણાશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૦૨/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:28/૦૨/૨૦૨૩

અધ્યક્ષ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.